ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૫ ટકા

ગાંધીનગર તાપમાન

ઉમિયા શરણમ મમની ધુન અધિક શ્રાવણ માસમાં સમાજની મહિલા ટીમ દ્વારા બે દિવસ આયોજન કર્યું હતું. તેના પ્રથમ દિવસે ધુન ઉમિયા માતાજી મંદિર ખાતે યોજાયેલ તેમાં સમાજની મહિલાઓ અને ભાવિક ભક્તજનોએ લાભ લઈ મા ઉમિયાની પ્રચંડ ધુન ભક્તિ કરી હતી તેમ સમાજના મહિલા કન્વીનર સુધાબેન અને કૈલાસબેન દ્વારા જણાવાયું હતું.

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વૃક્ષારોપણ અને સામાજીક સમરસતા ગોષ્ઠીનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૧

વિશ્વ હિન્દુ પરિષદ ગાંધીનગર જિલ્લા દ્વારા વૃક્ષારોપણ એવમ સામાજીક સમરસતા ગોષ્ઠીનો કાર્યક્રમ ભારત માતા મંદિર ગાંધીનગર ખાતે યોજાયો હતો. વિશ્વ હિન્દુ પરિષદના અખિલ ભારતીય કેન્દ્રીય કાર્યાધ્યક્ષ આલોકકુમારજીના હસ્તે કૈલાશપતિ વૃક્ષની રોપણી કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ ત્યાર બાદ વિવિધ સમાજના આગેવાનોને કેન્દ્રીય કાર્યાધ્યક્ષ આલોક કુમારજી તેમજ અખિલ ભારતીય સામાજિક સમરસતા પ્રમુખ દેવજીભાઈ રાવત દ્વારા વિશ્વ હિન્દુ પરિષદ સામાજિક સમરસતા માટે કેવા કાર્યો કરે છે તેનાથી અવગત કરાવેલ.

તેમજ ભારત દેશ ને હિન્દુ રાષ્ટ્ર બનાવવા માટે સમાજમાં રહેલ અસ્પૃશ્યતા નામના દૂષણને દુર કરી સર્વે સમાજે સાથે રહી કામ કરવું પડશે તોજ અયોધ્યાના રામ મંદિરની જેમ આપણો દેશ અનેક સિદ્ધિઓ મેળવવામાં સક્ષમ બનશે તેવું સૂચવેલ, કાર્યક્રમમાં વિવિધ સમાજના આગેવાનો સહિત ક્ષેત્ર મંત્રી અશોકભાઈ રાવલ, ક્ષેત્ર સામાજિક સમરસતા પ્રમુખ

રશેષભાઈ રાવલ, ક્ષેત્ર વિશેષ સંપર્ક પ્રમુખ કિર્તીભાઈ મહેતા, ઉત્તર ગુજરાત પ્રાંત મંત્રી નલિનભાઈ પટેલ, પ્રાંત સહ મંત્રી મુકેશભાઈ ગોર, પ્રાંત સામાજિક સમરસતા પ્રમુખ પ્રવીણભાઈ ભટ્ટ, પ્રાંત ગૌરક્ષા પ્રમુખ નવીનભાઈ પટેલ, વિભાગ સહ મંત્રી સતીષભાઈ ભટ્ટ તેમજ વિભાગ ટીમ, જિલ્લા સમિતિ, પ્રખંડ મંત્રી-અધ્યક્ષ અને ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર અને કોર્પોરેટર સહિત કુલ ૭૦ જેટલા કાર્યકરો ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચલન વિશ્વ હિન્દુ પરિષદ ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ,સહ મંત્રી,કોષાધ્યક્ષ, વિભાગ/જિલ્લા સામાજિક સમરસતા પ્રમુખ દ્વારા પ્રાંત પ્રમુખ પ્રવીણભાઈ ભટ્ટ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

આર એન પટેલ શાળામાં ટીડી રસીકરણ કેમ્પ

ગાંધીનગર, તા.૧૧

સેક્ટર ૨૩ માં આવેલી શ્રીમતી આર. એન પટેલ પ્રાથમિક શાળામાં ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર (આરોગ્ય અને કુટુંબ કલ્યાણ) દ્વારા ડો. દિવ્યતાની ટીમ દ્વારા ૧૦ વર્ષ પૂર્ણ થયેલ વિદ્યાર્થીઓને ધનુર અને ડીપ્થેરિયાની રસી આપવામાં આવી હતી.

ચિલોડા પ્રાથમિક શાળા ખાતે બાળમેળાનું આયોજન ધોરણ એક થી પાંચના બાળકો માટે બાળમેળો અને ધોરણ છ થી આઠ ના બાળકો માટે જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાળમેળામાં તારીખ ૯મી ઓગસ્ટ ના રોજ બાળકોના હસ્ત કૌશલ્ય અને સર્જનાત્મક શક્તિને પોષક એવી ચિત્રકામ, માટી કામ, કાગળકામ, ચિટકકામ, રંગપૂરણી જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.

પાલજ સરકારી પ્રાથમિક શાળામાં બાળમેળો

પાલજ સરકારી પ્રાથમિક શાળામાં લાઈફ સ્કિલ અને બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું. નાના બાળકો માટે ચિત્રકામ ચીટક કામ મહેંદી હરીફાઈ રંગપૂરણી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જ્યારે ધોરણ છ થી આઠ ના વિદ્યાર્થીઓ માં સ્ક્રુ ડ્રાઈવનો ઉપયોગ કરતા શીખવું પંચર રિપેર કરવું વ્યસન મુક્તિ અંગેની જાગૃતિ કરવું મેદાન દોરવું રંગોળી પૂર્વી વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી. આ પ્રસંગે શાળાના આચાર્ય હિતેશભાઈ પટેલ શિક્ષક ગણ તેમજ એસએમસીના સભ્યો ગ્રામજનો ઉપસ્થિત રહીને પ્રવૃત્તિને બિરદાવી.

એરફોર્સ - મધર્સ ટચ સ્કૂલ ખાતે મોન્સૂન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્કૂલનાં બાળકોએ વરસાદ વિશે કવિતાઓ ગાઈને અને 'ચક ધૂમ ધૂમ' ગીતની ધૂન પર ડાન્સ કરીને કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.

આજે સુંદરકાંડ સંગીતમય પાઠ

ગાંધીનગર, તા.૧૧

શ્રી રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય કથા- પાઠ કાન્તિભાઈ યોગી ની વ્યાસપીઠે આજ તા.૧૨ શનિવારના રોજ સાંજે ૪-૦૦ થી ૬-૩૦ કલાકે, મંથન અપંગ કન્યા સેવા સંકુલ, મુ. હાજીપુર, તા. કલોલ ખાતે સંસ્થાના યજમાનપદે યોજશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ માં ઈન્વેસ્ટિચર સેરેમની તથા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી. એસ.જી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ ના ધોરણ ૧ થી ૪ ના ભૂલકાઓ માટે ઈન્વેસ્ટિચર સેરેમની યોજવામાં આવ્યું. વિદ્યાર્થીઓ નેતૃત્વની ભૂમિકા પ્રાપ્ત કરે તે હેતુથી દરેક વર્ગમાંથી પ્રિફેક્ટ તથા વાઈસ પ્રિફેક્ટ ની પસંદગી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ તેમની ફરજો નિષ્ઠાથી નિભાવે તે માટે શપથ લીધા હતા.

કરાટે કોમ્પિટીશનમાં સરસ્વતી શિશુ મંદિરના બે વિદ્યાર્થીઓને મેડલ

ગાંધીનગર, તા.૧૧

સામડો ગુજરાત સ્ટેટ ચેમ્પિયનશીપ દ્વારા આયોજિત કરાટે કોમ્પિટિશનમાં સરસ્વતી શિશુ મંદિર સેક્ટર ૧૭ માંથી વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં ભરવાડ મયંકને ગોલ્ડ મેડલ અને બ્રોઝ મેડલ પ્રાપ્ત થયેલ છે. તેમજ ખરાડી યશરાજને બે સિલ્વર મેડલ પ્રાપ્ત થયેલ છે. રાવલ વૈભવ આ બંને વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં જહેમત ઉઠાવી હતી. શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોએ બાળકોને પ્રાર્થનામાં મેડલ આપી તેમના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

પી.કે.ચોધરી મહિલા આર્ટસ કોલેજમાં મેરી મીટ્ટી મેરા દેશ અંતર્ગત શપથવિધિ

ગાંધીનગર, તા.૧૧

અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં આઝાદીકા અમૃત મહોત્સવ નિમિત્તે મેરી મીટ્ટી મેરા દેશ કાર્યક્રમન અંતર્ગત મહિલા વિદ્યાસંકુલમાં કાર્યરત વિવિધ સંસ્થાઓના તમામ વિદ્યાર્થીઓ અને સમગ્ર સ્ટાફ પરિવાર સહિત ફલેગ માર્ચથી કરી હતી. ત્યારબાદ શપથવિધિ યોજાઈ હતી. અમૃત કળશમાં માટી એકઠી કર્યા બાદ રાષ્ટ્રગાન ગાઈ સૌ છુટા પડ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન પ્રિ. ડો.એમ.એમ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ પ્રો.વિનોદભાઈ ચૌધરીએ કર્યુ હતું. આ કાર્યક્રમની ભુમિકા અને સંચાલન ડો.લીના સ્વાદિયા અને ડો.નરેન્દ્ર કે.પટેલે બાંધી હતી તો શપથવિધિ કુ.પ્રેમી ગુર્જર દ્વારા કરાવવામાં આવી હતી. આ પ્રસંગે અખીલ આંજણા કેળવણી મંડળના મહામંત્રી માધુભાઈ ચૌધરી, ઉપપ્રમુખ રણછોડભાઈ ચૌધરી તથા સેંધાભાઈ ચૌધરી, ખજાનચી મણીભાઈ એમ.ચૌધરી અને ભગીની સંસ્થાઓના વડાઓ અને સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહયો હતો.

કાંઠા ખાતે મેરી માટી મેરા દેશ અભિયાન અંતર્ગત ઉજવણી

ગાંધીનગર, તા.૧૧

કલોલ તાલુકાના કાંઠા ગામ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મેરી માટી મેરાદેશ અભિયાનમાં કેએન પટેલ હાઈસ્કુલના વિદ્યાર્થીઓ તથા કાંઠા પ્રા.શાળાના વિદ્યાર્થીઓ આ અભિયાનમાં જોડાયા હતા. આ પ્રસંગે કાંઠા ગ્રામ પંચાયતના સરપંચ નરેશભાઈ, તલાટી સુરેશભાઈ દેસાઈ, કાંઠા હાઈસ્કુલના આચાર્ય નિમેષભાઈ જાની, કાંઠા પ્રા.શાળાના આચાર્ય સંજયકુમાર ભગોરા, આંગણવાડી કાર્યકર બહેનો તથા ગ્રામજનો આ કાર્યક્રમમાં જોડાયા હતા.

જન્મદિને વધામણી

ધિગેશ વિનોદ જોષી
મો. ૯૯૧૩૮ ૮૨૫૦૯

કિશા પંકજકુમાર શ્રીમાળી
મો. ૭૦૪૩૦ ૩૫૧૦૫

અરૂણાબેન સુરેશભાઈ ઠાકોર

હેમંત સિંહ ગોહિલ
મો. ૭૦૯૬૨ ૩૬૧૫૪

મહેન્દ્રભાઈ જયશવાલ

યશરાજ ધર્મેન્દ્ર કાપડીયા
મો. ૯૪૨૭૦ ૦૮૩૫૭

ઉમેશચંદ્ર વ્યાસ
મો. ૭૯૮૪૬ ૫૦૩૪૬

રેખા રાવલ
મેમ્બર,બોર્ડ ઓફ ડાયરેક્ટર, સ્વર્ણીમ ઇન્ડિયન્સ લાયન્સ ક્લબ, ગાંધીનગર
પ્રદેશ કારોબારી સભ્ય બીજેપી.
મો. ૯૬૦૧૨ ૫૬૫૩૮
૬૩૫૫૯ ૮૭૧૭૩

લીરલબા વાઘેલા
સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ
મો. ૭૦૪૬૭ ૦૧૫૦૯

મો. ૭૨૦૧૯ ૧૭૪૯૦

ઉમશચંદ્ર પી. વ્યાસ
મો. ૭૯૮૪૦ ૫૦૩૪૬

વીનલ ઠાકર

ઉમેશચંદ્ર વ્યાસ
મો. ૭૯૮૪૬ ૫૦૩૪૬

શાસ્ત્રી શ્રી હરિપ્રકાશદાસ
સ્વામિનારાયણ ગુરુકુલ, સે. ૨૨/૨૩

સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાના સંસ્થાપક સર સોરાબજીના ૧૪૨મો જન્મ દિવસ નિમિત્તે વાવોલ શાખામાં ઉજવવામાં આવ્યો હતો. જેમાં શાખાના મેનેજરશ્રી સુબોધસિંહ, આસી.મેનેજર જગદીશ સોલંકી, મિલન ગઢવી, રામનિવાસ, કેયુર સોલંકીએ હાજરી આપી હતી.

ઈન્ફો કીડસ પ્રીસ્કુલ ખાતે સ્વતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોએ પ્રાચીન ભારતીય વૈજ્ઞાનિકો, મહિલા રમતવીરો અને સ્વાતંત્રય સેનાનીઓને શ્રધ્ધાંજલિ આપી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.નાયી પ્રેમીલાબેન બાલમુકુન્દ ઉ.વ.૬૬, ગાંધીનગર
- સ્વ.ઠાકોર ગોમતીબેન નવાજી ઉ.વ.૮૦, જીટીએસ છાપરા
- સ્વ.વણઝારા શ્રવણભાઈ સુપડુભાઈ ઉ.વ.૩૧, સે-૧૩ છાપરા
- સ્વ.રાઠોડ રતુજી ધીરાજી ઉ.વ.૫૨, ગાંધીનગર
- સ્વ.પુરાણી બબુબેન નર્મદાશંકર ઉ.વ.૮૪, ગાંધીનગર